**આંક ૦૧ લગત હુકમ**

**૧.** અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ.સાંભળ્યા. હાલની અરજી અરજદાર ફરિયાદી તરફે ધી નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુનાની ફરિયાદ દાખલ કરવામાં થયેલ ૧૭ દીવસનો વીલંબ માફ કરવા માટે આપેલ છે. અરજદાર ફરિયાદીએ હાલની અરજી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુના અંગેની ફરિયાદ સાથે તારીખ ૧૯/૫/૨૦૨૧ના રોજ રજુ કરતાં સામાવાળાને નોટિસ કરવાનો હુકમ કરવામાં આવેલ અને સામાવાળાને નોટિસની બજવણી થતાં સામાવાળા વિધ્વાન વકીલશ્રી નીર્મલ આર.વ્યાસ મારફતે હાજર થયેલ. અરજદાર ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી એ અરજીમાં જણાવ્યા મુજબ રજુઆત કરેલ છે જયારે સામાવાળા તરફે વિધ્વાન વકીલશ્રી એ ન્યાયીક હુકમ કરવા રજુઆત કરેલ છે.

**૨.** અરજીની હકીકત ધ્યાને લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેની કાનુની નોટિસની બજવણી તારીખ ૧૮/૩/૨૦૨૧ના રોજ થયેલ અને નોટિસમાં જણાવેલ પંદર દીવસનો સમય પુરો થતાં હાલની ફરિયાદ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ તેના એક માસમાં એટલે કે તારીખ ૨/૫/૨૦૨૧ના રોજના ફરિયાદ દાખલ કરવાની સમય પુરો થયેલ પરંતુ કોરોના વાઈરસને કારણે લોકડાઉનનો હુકમ સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ અને તેના અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટે તારીખ ૨૩/૩/૨૦૨૦ના રોજ કરેલ આદેશ મુજબ તમામ લીટીગેશનમાં નકકી કરવામાં આવેલ લીમીટેશન એકશટેન્શન થતાં એકસટેન્ડેડ લીમીટેશન પીરીયડમાં દાખલ કરવામાં આવેલ છે તેથી હાલની ફરિયાદને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કરેલ સમય મર્યાદાની જોગવાઈ બાધ નડતો નથી તેમ છતાં નામદાર કોર્ટ એમ માને કે ફરિયાદ એક માસમાં દાખલ કરવી જરુરી હતી તો કોરોના મહામારીના કારણે લોકડાઉનના કારણે કોર્ટમાં આવી શકેલ ન હોય ફરિયાદ દાખલ કરવામાં થયેલ ૧૭ દીવસનો વીલંબ

**આંક ૦૧ લગત હુકમ**

માફ કરી ફરિયાદ રજીસ્ટર કરવા અરજ કરેલ છે.સામાવાળા તરફે રેકર્ડ ધ્યાને લઈ ન્યાયીક હુકમ કરવા રજુઆત કરેલ છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટેના કોરોના મહામારીના કારણે સમય મર્યાદા અંગે આપેલ ડાયરેકશન ધ્યાને લેતાં

The order dated 23.03.2020 IS resorted and in continuation of the subsequent order dated 8.3.2021,27/4/2021 and 23/09/2021 till it is directed that the period from 15.3.2020 to 28.2.2022 shall stand excluded for the purpose of limitation as may be prescribed under any general or special law in respect of all judicial or quashi-judicial proceedings.

Consequently ,the balalnce period of limitation remaining as on 3.10.2021,if any shall become available with effect form 1.3.2022,

In cases where the limitation would have expired during the period between 15.3.2020 till 28.2.2022, not withstanding the actual balance period of limitation remaining ,all persons shall have a limitation of 90 days from 1.3.2022. In the event the actual balance period of limitaion remaining ,with effect from 1.3.2022 is greater than 90 days, the longer period shall apply.

It is further clarified the the period from 15.3.2020 till 28.2.2022 shall also stand excluded in computing periods prescribed under section 23(4) and 29A of the Arbitration and Concilliation Act,19963, Section 12A of the Commercial Courts Act 2015,**and Provisos (b) and (c) section 138 of the Negotiable Indtruments Act 1881, and aby other laws, which prescribe period(s) of limitation for instituting proceedings, outer limits (within which the court or tribunal can condone delay) and termination of proceedings**

૩. અરજદાર તરફેની રજુઆત તથા અરજીની હકીકતો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના

**આંક ૦૧ લગત હુકમ**

ડાયરેકશન મુજબ કોરોના મહામારીના સમયગાળા દરમ્યાન હાલની ફરિયાદ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ અને તે દરમ્યાન જ હાલની ફરિયાદ દાખલ કરેલ છે પરંતુ કોરોના મહામારીના કારણે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮માં ઠરાવેલ સમય મર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરી શકેલ ન હોય અરજીમાં જણાવેલ કારણો પુરતાં અને વ્યાજબી જણાઈ આવતાં હોઈ હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ //**

અરજદાર ફરિયાદીની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુના અન્વયે ની ફરિયાદ દાખલ કરવામાં થયેલ ૧૭ દિવસનો વીલંબ માફ કરવાની અરજી મંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૭મી માહે મે સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૨૭/ ૦૫ /૨૦૨૨
સ્થળ : જેતપુર

(મોહંમદસલીમ હબીબખાન પઠાણ)
(જીજે.૦૦૮૧૧)
એડીશ્નલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જેતપુર